તા. ૧૮-૯-૨૦૧૯ બુધવાર આજકાલ

39



# ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે યોજાયેલ માર્ગદર્શક સેમિનાર



**આજકાલ કાર્યાલય–જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ. ધી કોમર્શીયલ ટેકસ પ્રેકટીશનર્સ એસો. જામનગર તથા ઈન્કમટેક્સ પ્રેકટી. એસો. જામનગરના સંયુકત ઉપક્રમે સરકારની સબકા વિશ્વાસ લીગાસી ડીસ્પ્યુટ રીઝોલ્યુશન સ્કીમ ૨૦૧૯ તથાવેટ સમાધાન યોજના ૨૦૧૯ અંગે એક માર્ગદર્શક સેમિનાર તા.૧૪-૯-૧૯ના રોજ જામનગર ચેમ્બર ખાતે યોજવામાં આવેલ હતો. આ સેમીનાર સંસ્થાના પુર્વ પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરાના અધ્યક્ષસ્થાને યોજાયેલ હતો. આ બેઠકની શરુઆતમાં સ્વાગત કરતા તેઓએ જણાવેલ કે જામનગર ચેમ્બર તથાસાથી એસોસીએશન સાથે મળી સભ્યઓને માર્ગદર્શન મળી રહે તે માટે આવા માર્ગદર્શક કાર્યક્રમ યોજે છે જે મુજબ સરકારએ જાહેર કરેલ અનેક સ્કીમોના માર્ગદર્શન મળી રહે તે માટે કાર્યક્રમનું આયોજન કરેલછે, વધુમાં જણાવેલ કે અમદાવાદથી પધારેલ વકતા જીગરભાઈ શાહ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા સરળ ભાષામાં સમજણ અને માર્ગદર્શન આપવામાં આવશે તે ચેમ્બરના સર્વે સભ્યઓને ખુબ જ .પયોગી નિવડશે. ત્યારબાદ ઉપસ્થિત વકતા જીગરભાઈ શાહને ચેમ્બરના પુર્વ પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરા, ઈન્કમટેકસ પ્રેકટીશનર્સ એસો.ના પ્રમુખ સંજીવભાઈ બુધ્ધ તથા ધી કોમર્શીયલ ટેકસ પ્રેકટીશનર્સ એસો. જામનગરના ઉપપ્રમુખ રવિન્દ્રભાઈ માણેક તથા સંસ્થાની કસ્ટમ અનેસીજીએસટી પેનલના ચેરમેન ભરતભાઈ ઓઝાએ પુષ્પગુચ્છ અર્પણ કરી આવકારેલ હતા અને ઉપસ્થિત પુર્વ પ્રમુખ તુલસીભાઈ વી. ગજેરા, માનદ મંત્રી અક્ષતભાઈ વ્યાસ, વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓએ જીગરભાઈ શાહને મોમેન્ટો અર્પણ કરેલ. વકતા જીગરભાઈ શાહનો પરિચય ચેરમેન ભરતભાઈ ઓઝાએ આપેલ હતો.

સેમીનારના વકતા જીગરભાઈ શાહે સરકારની સબ કા વિશ્વાસ યોજના (લેગાસી ડીસ્પ્યુટ રીઝોલ્યુશન) અંગેની વિવિધ જોગવાઈઓ ખાસ કરીને સેન્ટ્રોલ એકસાઈઝ, સર્વિસ ટેકસ ટેકસના ખાસ કેઈસો વિગેરે ખાસ પડતર કેસોમાં વેપારીઓને શું ફાયદા થઈ શકે છે તેની છણાવટ કરેલહતી. આ સ્કીમનેવધુ ઉપયોગ કેવી રીતે બનાવાય તે બાબત પણ ચર્ચા થયેલ હતી. વકતાએ વ્યાજ, પેનલ્ટી અને પ્રોસીકયુશનમાં રાહત બાબત પણ સમજાવેલ તથા પ્રશ્નોતરી દ્વારા અનેક વિષયો ઉપર સરળ ભાષામાં માર્ગદર્શન આપેલ હતું. જીગરભાઈ શાહે વેટ સમાધાન યોજનાની આંટીઘુંટીઓ સમજાવી કહ્યું હતું કે વેટની આ સ્કીમ કેન્દ્ર સરકારની સ્કીમ જેટલી અસરકારક સાબિત થાય તે સંભાવનાઓ ઓછી છે, રાજયના કરવેરાઓ માટે પણ સરકાર દ્વારા વધુ સારી સ્કીમની અપેક્ષાઓ વેપારીઓએ રાખેલ હતી.

સમગ્ર સેમીનારનું સંચાલન સંસ્થાના માનદ મંત્રી અક્ષતભાઈ વ્યાસે કરેલ હતું આભાર દર્શન ધી કોમર્શીયલ ટેક્ષ પ્રેકટીશનર્સ એસો. જામનગરના ઉપપ્રમુખ રવિન્દ્રભાઈ માણેકે કરેલ હતું. સેમીનારમાં ચેમ્બરનાં કારોબારી સમિતિના સભ્યઓ, વિવિધ એસો. પ્રતિનિધિઓ, વેપારી તથા ઉદ્યોગકારો, અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ તથા ટેકસ પ્રેકટીશનરો બહોળી સંખ્યામાં સેમિનારમાં ઉપસ્થિત રહી તેમના પશ્નો રજુકરી જીગરભાઈ શાહ પાસેથી માર્ગદર્શન મેળવેલ હતું.